# Press Note (January 2021-December 2021)

સુરેન્દ્રનગર 27-09-2021

## કૃષિ અને પશુપાલનક્ષેત્રે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે : કૃષિ વૈજ્ઞાનિક

### પાકમાં જીવાત રોગ નિવારણ, કિચનગાર્ડન, ખાતર વ્યવસ્થાપન સહિત વિષયક માહિતી ખેડૂતોને અપાઈ

ભાસ્કર ન્યૂઝ | સુરેન્દ્રનગર

કૃષીવિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસર ખાતે ટેકનોલોજી વિકની ઉજવણી કરવામાં અવી હતી. જેમં કૃષિ અને પશુપાલન ક્ષેત્રે નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ અંગે માહિતી અપાઈ હતી. જ્યારે ખેડૂતોને પાકમાં જીવાત રોગ નિવારણ, કિચનગાર્ડન, ખાતરવ્યવસ્થાપન સહિતની માહિતી અપાઈ હતી.

ખેડૂતો વૈજ્ઞાનિક ખેતી તરફ વળે અને ખેતી ખર્ચ ઘટાડી વધુ સારી આવક મેળવે માટે સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો ખેતી, બાગાયત, પશુપાલન અંગે જ્ઞાન વધવા સાથેનવીનતમ ટેકનોલોજીના ઉપયોગ વિષયક માહિતી મેળવે માટે કૃષિવિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસર ખાતે ટેકનોલોજી વીકની ઉજવણી કચાઈ હતી. જેમાં સિનિયર સાયન્ટીસ્ટ અને હેડ એમ.એફ.ભોરણીયાએ ખેડૂતોને કપાસમાં આવતા રોગ જીવાત નિયંત્રણ, ગુલાબી ઈયળ નિયંત્રણ માટે સાવજગીર એમડીપી ટેકનોલોજી વિશે માહિતીઆપી હતી.

જ્યારે ડી.એ.પટેલે દાડમમાં વૈજ્ઞાનિક પધ્ધતી, કિચનગાર્ડન, અને ડો. બી.સી.બોચલ્યાએ કપાસના



પાકમાં ખાતર વ્યવસ્થાપન, પિયતવ્યવસ્થાપન, ડીટોપીગ વિષે જણાવ્યુ હતુ. ડો.આર. પી.કાલમાએ આદર્શ પશુપાલન અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે વિસ્તરણશાસ્ત્રી જુનાગઢ ડો.એચ.સી. છોડવાડીયાએ ખેતી પશુપાલન ક્ષેત્રે નવીનતમ ટેકનોલોજીનો મહતમ ઉપયોગ કરવા જરૂરી માહિતી આપી હતી. આ ટેકનોલોજી વીક દરમિયાન 350થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો.

સુરેન્દ્રનગર 29-09-2021

## કે.વી.કે નાના કાંધાસરમાં વડાપ્રધાનના કૃષિ વિષયક કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાયું



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાનાકાંધાસર અને આત્મા પ્રોજેક્ટ વઢવાણના સયુક્ત ઉપક્રમે તા. 28ના રોજ વડાપ્રધાનના કૃષિ વિષયક કાર્યક્રમનું જીવત પ્રસારણ કરવામા આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ. એફ. ભોરણીયાએ ખેડૂતો બહેનોને આવકાર્યા તથા પ્રાસગિક વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ વૈજ્ઞાનિક ડી.એ.પટેલ, ડો.બી.સી. બોચલ્યા અને ડો. આર.પી. કાલમા દ્રારા બદલાતા હવામાનને અનુરૂપ ટકાઉ ખેતી, બાગાયત અને પશુપાલનની ટેકનોલોજી અંગે માહીતી આપવામા આવી હતી.

સુરેન્દ્રનગર 06-10-2021

## કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કામગીરી અંગે વિદ્યાર્થીઓને માહિતી અપાઇ



સુરેન્દ્રનગર ભાસ્કર | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી કૃષિ મહાવિદ્યાલયના રાવે વિદ્યાર્થીઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધા સરની મુલાકાત લીધી હતી. તેમને સિનિયર સાયન્ટીન્ટ એન્ડ હેડ એમ.એફ.ભોરણીયાએ કેવીકેની ચાલતી પ્રવૃતિ વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે ડી.એ.પટેલે, ડો.આર.પી.કાલમા, ડો.બી.સી.બોચલ્યાએ બાગાયત, પશુપાલન, કૃષિ તથા અલગ અલગ ડેમોસ્ટ્રેશન યુનિટ અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે 20સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી જોડાયા હતા.

## પશુપાલકો માટે નાના કાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેલિફોનિક કોન્ફરસ યોજાઇ



સુરેન્દ્રનગર ભાસ્કર | ચોટીલા તાલુકાના નાના કાંધાસરના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તેમજ રીલાયન્સ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તા. 15-12-2021ના રોજ પશુપાલકો માટે ટેલિફોનિક કોન્ફરસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમા વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસરના ડો. આર.પી.કાલમાએ ટેલિફોન માધ્યમથી જોડાયેલા પશુપાલકોને આદર્શ પશુપાલન અને શિયાળાની ઋતુમાં પશુઓની માવજત વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી. કોન્ફરસના અંતે ડો. આર.પી.કાલમા દ્વારા પશુપાલકોના પ્રશ્નોનો સંતોષકારક રીતે જવાબો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ મુકેશ દેસાઈ અને પ્રકાશ મકવાણા, ડીસ્ટ્રીકટ મેનેજર-રીલાયન્સ ફાઉન્ડેશન-ઈન્ફોર્મેશન સર્વિસિસ દ્વારા આભારવીધી કરવામાં આવી હતી. આ કોન્ફરસમાં સુરેન્દ્રનગર જિલ્લાના પશુપાલકોએ રસપુર્વક ભાગ લીધો હતો.

સુરેન્દ્રનગર 24-12-2021

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસરમાં કિસાન દિવસની ઉજવણી કરાઈ



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર અને આત્મા પ્રોજેક્ટ, સુરેન્દ્રનગરનાં સંયુક્ત ઉપક્રમે કિસાન દિવસની ઉજવણી તા.23ના રોજ કરવામાં આવી હતી. આ પ્રસગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસરનાં વૈજ્ઞાનિક ડો. બી.સી.બોચલ્યાએ કાર્યક્રમમાં હાજર રહેલા આગેવાનો, ખેડૂત ભાઈઓ અને બહેનોને આવકાર્યા અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓ વિષય પર વકત્વ્ય આપ્યું હતું. ત્યારબાદ પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, સુરેન્દ્રનગરના ભરતભા ઈ પટેલે પ્રાકૃતિક ખેતીની મહત્વતા અંગે વક્તવ્ય આપ્યું હતુ. વૈજ્ઞાનિક ડો. આર.પી. કાલમાએ પોતાનાં વક્તવ્યમાં દેશી ગાયની મહત્વતા વિષયક માહિતી આપી. ત્યારબાદ ડી.એ. પટેલ દ્વારા કૃષિ ક્ષેત્રમાં આધુનિક તજજ્ઞતાઓ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાયલા તાલુકાનાં ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.